| | | |
|---|---|---|
| GJBN060001992026 | દાખલ તારીખ : | **૦૬–૦૪–૨૦૨૬** |
| | રજીસ્ટર્ડ કર્યા તારીખ : | **૦૬–૦૪–૨૦૨૬** |
| | નિકાલ કર્યા તારીખ : | **૦૮–૦૭–૨૦૨૬** |
| | સમય અવધિ : | વર્ષ – માસ – દિવસ |
| | | |

**ગારીયાધારના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**શ્રી એચ.આર.ઠકકર સાહેબની કોર્ટમાં,**

**મુ.ગારીયાધાર, જી.ભાવનગર**

**આંક : ......**

**:: નમુનો – અ ::**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૦૮–૦૭–૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૧૨/૨૦૨૬** |

| **ગુનાની વિગત** | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫( ઈ ) |
| પ્ર.મા.અહેવાલ સંખ્યા | ૧૧૧૯૮૦૧૯૨૬૦૦૨૭/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | ગારીયાધાર પોલીસ સ્ટેશન, જી.ભાવનગર |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આર.ડી.સેજુ |
| આરોપી પક્ષ | **રસીલાબેન બેચરભાઈ ધોળકીયા,**<br>ઉ.વ.૩૬, જાતે–દેવીપુજક,<br>રહે. નવાગામ,તા.ગારીયાધાર,જી.ભાવનગર |
| બચાવપક્ષ તરફે | વિ.વ.શ્રી આઇ.એલ.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૮/૦૨/૨૦૨૬ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૮/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| તહોમતનામા/પ્લી ની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૩/૦૭/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતી નથી. |

:: આરોપીની વિગત ::

| અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | ગુન્હાનું તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ભા.ના.સુ. સંહિતાની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રસીલાબેન બેચરભાઈ ધોળકીયા | ૨૪/૦૨/૨૦૨૬ | ૧૭/૦૩/૨૦૨૬ | પ્રોહી. એકટની કલમ-૬૫(ઇ) | નિર્દોષ છોડયા | - | - |

:: નમૂનો - ક ::

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી</u>**

અ. ફરીયાદપક્ષના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | રાજુભાઈ ગોવિંદભાઈ વાઘેલા | ૧૧ | ફરીયાદી |
| ફ.સા.૨ | અશ્વિનભાઈ કરશનભાઈ કણસાગરા | ૧૩ | પંચ |
| ફ.સા.૩ | શબ્બીરભાઈ હાસમભાઈ મકરાણી | ૧૫ | પંચ |
| ફ.સા.૪ | જેરામભાઈ હરજીભાઈ રોય | ૧૬ | પંચ |
| ફ.સા.૫ | આસીફભાઈ હાસમભાઈ મકરાણી | ૧૮ | પંચ |
| ફ.સા.૬ | હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ | ૧૯ | ત.ક.અધિકારી |

બ. બચાવ પક્ષના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| બ.સા.૧ | - | | |

ક. કોર્ટના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ન્યા.સા.૧ | - | | |

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના આંકની યાદી</u>**

અ.ફરીયાદ પક્ષના આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૨ | ફરીયાદ |
| ૨. | ૧૪ | પંચનામું |
| ૩. | ૧૫ | અટક પંચનામું |
| ૪. | ૨૦ | તપાસ હુકમ |

બ.બચાવ

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ક. ન્યાયાલય આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ડ. ભૌતિક પદાર્થ :

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧ | એક કાચની સેમ્પલ બોટલમાં આશરે ૨૦૦ એમ.એલ.જેટલો દેશી દારૂ ભરેલ છે તે સીલપેક બોટલ એફ.એસ.એલ. તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે |
| ૨. | ૩૦ લીટર | એક પ્લાસ્ટીકની કંતાનની થેલીમાં પ્લાસ્ટીકની પારદર્શક થેલીઓ નંગ–૬ માં આશરે ૩૦ લીટર જેટલો દેશી પીવાનો દારૂ ભરેલ છે તે |

## –: ચુ કા દો :–

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં તહોમતદારે તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૩/૪૦ વાગ્યાના સુમારે પોતાના કબ્જામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ આશરે લીટર–૩૦, કિ.રૂા.૫,૦૦૦/– નો રાખી, ગુનો કરેલાનો આક્ષેપ છે.

**(૨)** સદર આરોપી સામે ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ (''સંહિતા'') ની કલમ–૧૮૦ અન્વયે ગુન્હાથી વાકેફ સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું

પંચનામુ કરી મુદામાલ પૃથ્થકરણ અર્થે મોકલાવી, તેનો રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખી હાલના આરોપી વિરૂદ્ધ ધી ગુજરાત (બોમ્બે) પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(ઈ) મુજબનાં ગુનાના કામે સંહિતાની કલમ–૧૯૩ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૩) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતાં, સંહિતાની કલમ–૨૧૦ પ્રમાણે આરોપી સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા અને આરોપી હાજર થતાં, તેઓને સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ.

(૪) વધુમાં આ કામે આગળ વધતા પહેલાં એ નોંધનીય છે કે, નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા નિર્ણીત **ક્રિ. મીસ.એપ્લી. નં.૮૮૯૨/૨૦૧૮ જયંતિભાઈ મકનભાઈ ડામોર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં તારીખ–૦૫/૦૫/૨૦૧૮** ના ચુકાદામાં સદર ગુનો જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ટ્રાયેબલ હોય તેવુ ઠરાવેલ છે. જેથી સદર નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લઈ આ કામનાં આરોપી સામે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી લેવામાં આવેલ છે. સબબ આરોપી દ્વારા આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરવામાં આવતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર થતાં હાલના કામે આરોપીનું સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે તેઓને ગુનામાં સંડોવી દીધેલ છે.

(૬) ત્યારબાદ દલીલના તબકકે આ કામે પક્ષકારો તરફે રેકર્ડ પર રજુ

દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદપક્ષનાં કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ નકકી કરવામાં આવેલ છે.

મુદ્દા નંબરઃ ૧– શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામનાં તહોમતદારે તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૩/૪૦ વાગ્યાના સુમારે પોતાના કબ્જામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ આશરે લીટર–૩૦, કિ.રૂા.૫,૦૦૦/– નો રાખી, ગુજરાત(બોમ્બે) પ્રોહિબીશન એક્ટ–૧૯૪૯ ની કલમ– ૬૫(ઈ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નંબરઃ ૨– શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નંબર : ૧ – નકારમાં.

મુદ્દા નંબર : ૨ – આખરી હુકમ મુજબ

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>૯. મુદ્દા નંબર :</u> ૧ :–**

**૯.૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ પોતાના કબજામા વગર પાસપરમીટનું પ્રોહી. મુદામાલ રાખેલ હતો જે મુદામાલ રેઈડ દરમ્યાન પંચોની હાજરીમાં પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલ હતો. જેથી આ કામે પંચનામું મહત્વનું બની જાય છે. આ પંચનામુ સાબીત કરવા ફરીયાદપક્ષ દ્વારા **આંક–૧૩ થી પંચ અશ્વિનભાઈ કરશનભાઈ કણસાગરા તથા આંક–૧૫ થી પંચ શબ્બીરભાઈ હાસમભાઈ મકરાણી** નાઓને તપાસવામાં આવેલ છે. આ પંચ પંચનામામાં ફકત પોતાની સહી સિવાય અન્ય કોઈ હકીકત સ્વીકારેલ નથી. સદરહું સાહેદની ઉલટતપાસને સમગ્ર રીતે ધ્યાનમાં લેવામાં આવે તો જણાય છે કે, તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી. જેથી આ કામે મહત્વનું કહી શકાય તેવો પંચનામુ ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ

નથી.

**૯.૨)** આ કામના ફરીયાદ પક્ષે આંક–૧૭ થી અટક પંચનામું રજુ કરેલ છે જે સાબીત કરવા ફરીયાદપક્ષ દ્વારા **આંક–૧૬ થી પંચ જેરામભાઈ હરજીભાઈ રોચ તથા આંક–૧૮ થી પંચ આસીફભાઈ હાસમભાઈ મકરાણી** નાઓને તપાસવામાં આવેલ છે. આ પંચો પંચનામામાં ફક્ત પોતાની સહી સિવાય અન્ય કોઈ હકીકત સ્વીકારેલ નથી. સદરહું સાહેદની ઉલટતપાસને સમગ્ર રીતે ધ્યાનમાં લેવામાં આવે તો તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.જેથી આ કામે મહત્વનું કહી શકાય તેવો પંચનામું ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી.

**૯.૩)** આ કામના ફરીયાદપક્ષે **ફરીયાદી રાજુભાઈ ગોવિંદભાઈ વાઘેલા નાઓને આંક– ૧૧** થી તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તારીખ ૦૮/૦૨/૨૬ ના રોજ અમો તથા હે.કો એચ.વી.ગોહીલ એ રીતેના પોલીસ સ્ટેશન હાજર તે દરમ્યાન કલાક ૧૨:૪૦ વાગ્યા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧ ૨:૫૦ વાગે ગારીયાધાર નવાગામ બસ સ્ટેન્ડ પાસે બાતમી રાહે હકીકત મળેલકે, રસીલાબેન બેચરભાઈ ધોળકીયા પોતાના રહેણાકં મકાને ગેરકાયદેસર દેશી પીવાનો દારૂ રાખી વેચાણ કરે છે તેવી હકીકત મળતા નજીકમાંથી બે પંચોના માણસોને બોલાવી બાતમી હકીકત અં ગે સમજ કરી કલાક ૧૨:૫૫ થી ૧૩:૦૫ સુધીનુ પ્રાથમીક પંચનામુ કરી સદરહુ બાતમી વાળી જગ્યાએ કલાક ૧૩:૧૦ વાગે રેડ કરતા બાતમી વાળી જગ્યાએ સદરહુ ઈસમ મળી આવેલ હોય જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ રસીલાબેન બેચરભાઈ ધોળકીયા રે. નવાગામ તા. ગારીયાધારવાળા હોવાનુ જણાવેલ જેને બાતમી હકીકત ની સમજ કરી પંચો રૂબરૂ તપાસ કરતા મકાન ના ઓસરીના ભાગે પ્લાસ્ટીકની કંતાન ની થેલી જોવામાં આવતા તેની અંદર પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકની પારદર્શક ૬ મોટી થેલી જોવામાં આવેલ જે તમામ થેલી ના મોઢા ખોલી સુધી સુઘાડી ખાત્રી

કરતા દેશી દારૂ પીવાનો હોવાનુ જણાઈ આવતા હાજર મહીલા ઈસમ પોતાની પાસે દેશી દારૂ રાખવા અંગેની પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી મળી આવેલ દેશી દારૂ મળી આવેલ તમામ પ્લાસ્ટીકની થેલી માંથી થોડો થોડો આશરે ૨૦૦ એમ.એલ જેટલો દારૂ એક કાચની સેમ્પલ બોટલમાં ભરી ગારીયાધાર પોલીસ સ્ટેશન નુ લાખ દોરા વડે સીલ કરી તપાસ અર્થે કબ્જે કરેલ તેમજ પ્લાસ્ટીકની થેલીઓ મળી આવેલ દેશી દારૂ લીટર – ૩૦ જેની ૧ લીટરની કીંમત રૂા ૨૦૦ લેખે કુલ કીંમત રૂપીયા – ૬૦૦૦/– નો ગણી પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ. સદરહુ ગુન્હાની ફરીયાદ અમો એ આપેલી આજરોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખુ છું જેને રજુ દાખલ **આંક–૧૨** આરોપીને ઓળખું છું.

<u>વધુમાં</u> બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ લક્ષમાં લેવામાં આવે તો તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાન આવેલ છે. બનાવ સ્થળ મકાને આવવા જવા નો રસ્તો છે. સદર રસ્તે વાડીએ જવા અવવા માટે માણસોની અવર જવર થતી રહેતી હોય છે. એ વાત ખરી છે કે મારી રૂબરૂમાં માલીકી અંગેનો કોઇ આધાર પુરાવો આપેલ નથી.

**૯.૪)** આ કામના ફરીયાદપક્ષે **ત.ક.અધિકારી હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ** નાઓને **આંક–૧૯** થી તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા. ૦૮/૦૨/૨૬ ના રોજ ગારીયાધાર પોલીસ સ્ટેશન પીએસઓ બી.બી.દેસાઈ હાજર હતા ત્યારે પો.કો રાજુભાઈ ગોવિદભાઈ વાઘેલા નાઓએ પ્રોહી એકટની કલમ ૬૫–ઈ મુજબની ફરીયાદ આપી જણાવેલ કે રસીલાબેન બેચરભાઈ ધોળકીયા રે. નવાગામવાળા એ ગે.કા રીતે તેમના ઘરે દેશી પીવાનો દારૂ લીટર –૩૦ જેની કીંમત રૂા ૬૦૦૦ રાખી.આ ગુન્હો કરેલ હોય જે મુજબની ફરીયાદ આવતા ફરીયાદ રજી. કરેલ જે મને આંક

–૧૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે મારા દવારા તપાસ કરવામાં આવેલ તેજ છે.મને તા. ૦૮/૦૨/૨૦૨૬ ના રોજ તપાસ અમોને આપવામાં આવી જે તપાસ હુકમ આજરોજ રજુ રાખુ છુ જેને રજુ દાખલ આંક– ૧૪આપવામાં આવે છે. તપાસ સંભાળ્યા બાદ મુદામાલ પાવતી ફાડેલ અને સ્થળ પર બે પંચોની રૂબરૂમાં દારૂ લીટર –૩૦ જેની કીંમત રૂા ૬૦૦૦ રાખી મુદામાલ કબ્જે કરી ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ જે આંક– ૨૦ થી રજુ છે જેમાં બે પંચો તથા મારી સહી છે.તા. ૨૭/૦૩/૨૦૨૬ નારોજ એફ.એસ.એલ જુનાગઢ ખાતે સેમ્પલ બોટલ મોકલવામાં આવેલી.

વધુમાં બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ લક્ષમાં લેવામાં આવે તો તેઓ એ વાત સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે બનાવવાળીનો માલીકી અંગેનો કોઈ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છેકે આ કામે પોલીસ સાહેદ સીવાય અન્ય કોઈ સાહેદના નીવેદન લીધેલા નથી.એ વાત ખરી છે કે હાલના પંચો આ સીવાય અન્ય ગુન્હામાં પંચો તરીકે હોય છે. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ માં કેવીરીતે કાર્યવાહી થાય તેની મને અંગત માહીતી નથી. એ વાત ખરી છે કે હુ રેડ વખતે સાથે હતો. એ વાત ખરી નથી કે પંચો ને પોલીસે બોલાવી તૈયાર પંચનામા માં પં ચોની સહીઓ લીધેલી.

૯.૫) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત છે કે, આરોપી સામેનો ગુન્હો ફરીયાદપક્ષે નિ:શંક રીતે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરીયાદપક્ષ આરોપી સામે કેસ શંકાથી પર સાબીત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવુ અનુમાન કોર્ટે કરવુ જોઈએ. ઉપરોકત સિધ્ધાંત ધ્યાનમાં લેતા આ કામે જયારે આરોપીઓ સામે બોમ્બે પ્રોહીબીશન એકટ મુજબના ગુન્હાનું તહોમત છે ત્યારે આ તહોમત સાબીત કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે આ કામના આરોપીએ ગુજરાત પ્રોહી.એકટની જોગવાઈઓનું ભં ગ કરી ગેરકાયદેસર રીતે કેફી પદાર્થ/કેફી દ્રવ્ય બનાવવાનો આથો પોતાના

કબજામાં રાખેલ છે.

૯.૬ ) આ કામે તપાસવામાં આવેલા ફરીયાદી તથા ત.ક.અમલદાર દ્વારા ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા રેડીંગ પાર્ટીના સિવાયના કોઈ નિવેદન આ કામે લીધેલ નથી, કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં કે ચાર્જશીટમાં જણાવેલ નથી, જે સ્વતંત્ર પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદો ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ આ સાહેદની જુબાની દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, પંચનામુ એ સબસ્ટેન્સીયલ પીસ ઓફ એવીડન્સ નથી અને કોરોબ્રેટીવ પીસ ઓફ એવીડન્સ છે અને પંચનામુ માત્ર પંચ સાહેદની જુબાનીના સમર્થનમાં જોઈ શકાય. પરંતુ આ કામે જયારે પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદપક્ષ આરોપીને પ્રોહીબીટેડ મુદ્દામાલ સાથે અટક કર્યા અંગેના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ સુરેશભાઈ પટેલ ના તા.૨૬/૧૧/૨૦૧૦</u>** ના ચુકાદો જો જોવામાં આવે તો પંચો સમર્થન કરતા નથી. ત્યારે ફરીયાદ પક્ષનો પુરાવો ઉપર આધાર રાખી શકાય નહીં તેવું નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે. આમ, જયારે સદર કામે મુદ્દામાલ રીકવરીના બંને પંચસાહેદો ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરાયેલ હોય અને જયારે **<u>નામદાર બોમ્બે વડી અદાલત દ્વારા નિર્ણીત મહારાષ્ટ્ર રાજય વિ. ઓનકાર માનિક પાટીલ ક્રિ. લો. રીપોર્ટર (એમ.એચ.)૧૯૭૯ પાના નં.૪૨૧</u>** નો ચુકાદો ધ્યાને લેતાં જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં પણ આવે તો પણ સદર

કામે આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવવાનો સંભવ નથી.

૯.૭) વધુમાં બનાવવાળા સ્થળ ઉપરથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈ નિવેદન તેવા વ્યકિતના લેવામાં આવેલ નથી. જયારે ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૧૧૯ મુજબ પુરાવાની ગુણવતા મહત્વની છે, તેનો જથ્થો મહત્વ ધરાવતો નથી. ફરીયાદીની ફરીયાદને કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનથી સમર્થન મળતુ નથી. વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટ ના Amin Bin Mohammed Arab vs State Of Gujarat, R/CR.RA/151/2012, Dated on 10 January, 2024,**નાઓએ ચુકાદામાં ઠરાવેલ છે કે, *"From a perusal of the material on record, it is revealed that both the Courts below have given improper reasons, de hors the very fundamental principle of criminal jurisprudence that unless a person is proved guilty, he / she is deemed to be innocent and therefore, it was the duty of the prosecution to NEUTRAL CITATION R/CR.RA/151/2012 ORDER DATED : 10/01/2024 undefined lead cogent and credible evidence, since, conjectures and surmises cannot be made basis for conviction. Further, the evidence produced or led by the prosecution should prove its case beyound reasonable doubt, against the concerned accused person. Unfortunately, there is nothing on the record to show that the prosecution successfully proved that the shop, from which the bottles of IMFL were seized, belonged to the Revisionist. Further, the prosecution also does not appear to have led any cogent evidence, so as to attract the presumption under Section 116B of the Prohibition Act and to believe that the bottles of IMFL contained original labels and their seals were in tact. In the considered opinion of this Court, there appears to be total non-application of mind on the part of the Courts below in applying the provisions of Section 106 and 114E of the Indian Evidence Act and to make the accused - Revisionist to disprove the case of the prosecution. As stated above, conviction cannot be based solely on the evidence of police officials, who are interested witnesses and therefore, in absence of any independent witness or evidence, the orders passed by the Courts below*

*cannot be sustained."* જયારે તપાસવામાં આવેલ સાહેદો ફકત પોલીસ સાહેદો હોય અથવા રેડીંગ પાર્ટીના સભ્યો જ હોય અને જેઓ રસ ધરાવનાર સાહેદો હોય જેથી તેમના સોગંદ પરના પુરાવા ઉપર કેસના નિર્ણયનો સંપુર્ણ આધાર રાખી શકાય નહી. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહિ તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ ન હોય તેથી સ્વતંત્ર સાહેદોના પુરાવાના અભાવે આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી.

૯.૮) ફરીયાદપક્ષની એ ફરજ છે કે, કબજે કરવામાં આવેલ મુદામાલ કેફી પદાર્થ/દારૂ છે તે પુરવાર કરે <u>પરંતુ જયારે સદરહું મુદ્દામાલ કબજા બાબતે પંચો તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું ન હોય ત્યારે સદરહું મુદ્દામાલ આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે કે કેમ ?</u> તે નિ:શંકપણે પુરવાર થયેલુ માની શકાય નહી.

૯.૯) આમ, આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવવા પાત્ર સબળ, માની શકાય તેવો પુરતો પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોઈ, રજુ થયેલ પુરાવા આધારે આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય નહી તેમ માનું છું. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં આરોપી સામે આક્ષેપાયેલ ગુના નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

## <u>-:: આખરી હુકમ ::-</u>

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૭૧(૨) અન્વયે, આ કામના આરોપી **રસીલાબેન બેચરભાઈ ધોળકીયા,ઉ.વ.૩૬, જાતે-દેવીપુજક, રહે.નવાગામ, તા.ગારીયાધાર, જી.ભાવનગર** નાઓને તેમની સામેના ધી ગુજરાત પ્રોહીબીશન એકટ-૧૯૪૯ ની કલમ-૬૫( એફ ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ દારૂ તેના યોગ્ય નિકાલ માટે સેન્ટ્રલ એકસાઈઝ ખાતાને મોકલી આપવો અને જો અપીલ થાય તો અપીલના હુકમને આધીન અમલ કરવો.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ વધુ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૦૮મી, માહે–જુલાઇ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચુ સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૭/૨૦૨૬
સ્થળ : ગારીચાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગારીચાધાર
Code No.GJ01448

*N.H.KATARIYA, PA*